
# દાહોદ પાલિકાના પૂર્વ સત્તાધીશોની બેદરકારીને કારણે દાહોદની અતિ પાવન દૂધીમતી પ્રદુષિત બની

દાહોદ,

વરસાદના આગમનની છડી પોકારાઈ હોવા છતાં પાલિકા સત્તાધીશો દ્વારા પ્રિમોન્સૂનની કામગીરી માટે કોઈ કાર્યવાહી નહીં. જેની સાથે સમસ્ત નગરજનોની ધાર્મિક આસ્થાઓ જોડાયેલી છે, તેવી દાહોદની પતિત પાવન એવી પૂર્વાભીમુખ દુધીમતી નદીમાં છેલ્લા કેટલાય વર્ષોથી નગરપાલિકા દ્વારા શહેરની ગટરોના અત્યંત દુર્ગંધ મારતા ગંદા પાણી સતત રીતે ઠલવાતા રહેતાં આ પાવન નદીનું અસ્તિત્વ દિવસેને દિવસે વધુને વધુ જોખમાતું જાય છે. ભૂતકાળમાં આખો પવિત્ર શ્રાવણ માસ તેમજ અધિક માસમાં આજ પાવન નદીનાં પવિત્ર જળમાં ડૂબકી મારી સ્નાન કરી દાહોદવાસીઓ ધન્યતા અનુભવતા હતા, જ્યારે એ જ પાવન નદીને પાલિકાના અત્યાર સુધીના તમામ સત્તાધીશોએ સ્વચ્છ રાખવામાં કોઈ જ રસ દાખવ્યો નથી તેવું નદીની હાલની સ્થિતિ પરથી ફલિત થઈ રહ્યું છે. વર્ષોથી દાહોદ પાલિકામાં ભાજપનું શાસન રહ્યું છે અને આ પાવન દૂધીમતી નદીની સફાઈ માટે અત્યાર સુધીમાં કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા છતાં નદીની સ્થિતિમાં કોઈ સુધાર જોવા ન મળતા આ કરોડો રૂપિયા વપરાયા ક્યાં? તે યક્ષ પ્રશ્ન સૌ નગરજનોના જનમાનસમાં વાગોળાઈ રહ્યો છે. દાહોદ પાલિકામાં દર વર્ષે આરોગ્યની ગ્રાન્ટ આવતી હોય છે અને આ આરોગ્યની ગ્રાન્ટ દર વર્ષે ૨૦ ટકા વધારો થઈને આવતી હોવાનું પણ જાણવા મળ્યું છે અને આરોગ્યની આ ગ્રાન્ટના કેટલા નાણા ક્યાં વાપરવા તે પ્રમુખની મનસુફી પર હોય છે. દુધીમતી નદીની સફાઈ માટેના નાણાંનું આયોજન પણ આરોગ્યની ગ્રાન્ટ માંથી કરવાનું હોય છે. પરંતુ દાહોદ પાલિકાના અત્યાર સુધીના પ્રમુખો પૈકીના મોટાભાગના પ્રમુખોએ નદીની સફાઈ ના મુદ્દે કોઈ રસ દાખવ્યો ન હોવાનું જોવા મળી રહ્યું છે. નદીની સફાઈ શહેરીજનોની સુખાકારી માટે કરવાની હોય છે. તેમ જાણતા હોવા છતાં ગત પાંચ વર્ષ પણ દાહોદ પાલિકામાં ભાજપનું શાસન હતું અને તે પાંચ વર્ષમાં બે પ્રમુખ આવ્યા. એક રીનાબેન પંચાલ અને બીજા નીરજ દેસાઈ. આ પાંચ વર્ષના સમય ગાળામાં દર વર્ષે એક વખત નદીની સફાઈ કરવાની હોય છે. અને તે સફાઈ માટે પાલિકાના પ્રમુખ દ્વારા સરકારમાંથી આવેલ આરોગ્યની ગ્રાન્ટ માંથી આયોજન કરી નાણાંની ફાળવણી કરવાની હોય છે. ત્યારે ઉપરોક્ત આ બંને પ્રમુખો પૈકી માત્ર રીનાબેન પંચાલે પોતાના અઢી વર્ષના શાસનકાળ દરમિયાન માત્ર એક વાર જ ૨૭ લાખ રૂપિયાની ફાળવણી કરી હતી. જ્યારે નીરજ દેસાઈને આટલી બધી ગંદકી હોવા છતાં નદીમાં ક્યાંય ગંદકી ન જોવાતા તેઓએ પોતાના અઢી વર્ષના શાસનકાળ દરમિયાન નદીની સફાઈ માટે કોઈ તસ્દી લીધી ન હતી. જે તેઓને નદીની સફાઈમાં કોઈ રસ ન હોવાનું સાબિત કરી રહ્યું છે. તે પહેલાની બોડીના શાસનકાળ દરમિયાન પણ તે સમયના પ્રમુખ અભિષેક મેડાએ નદીની સફાઈ માટે આરોગ્યની ગ્રાન્ટમાંથી ફક્ત એક જ વાર ૨૭ લાખ રૂપિયા ફાળવ્યા હતા. આટલા વર્ષોમાં નદીની સફાઈ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં પણ નદીના હાલ બદલાયા નથી. આજે પણ આ પાવન મનાતી દુધીમતી નદીમાં પાલિકા દ્વારા ગટરના દુર્ગંધ મારતા ગંદા પાણી સતત પણે ઠલવાતા રહેતા નદીનું અસ્તિત્વ એટલી હદે જોખમાયુ છે કે, નદીના નાના પુલ પરથી પસાર થનાર વ્યક્તિને દુર્ગંધ થી બચવા નાક પર રૂમાલ દબાવવા મજબૂર થવું પડે છે. પાલિકાના અત્યાર સુધીના સત્તાધીશોના વાંકે પોતાના

**ગટરોના ગંદા પાણી ઠલવાતા દૂધીમતીનું અસ્તિત્વ જોખમમાં.**



અસ્તિત્વને જાળવી રાખવા ઝઝૂમતી દાહોદની પાવન દુધીમતી નદી પર સ્માર્ટ સીટી અંતર્ગત અડધો રિવરફ્રન્ટ મંજૂર કરવામાં આવ્યો અને તે અડધા જ રિવર ફ્રન્ટ પાછળ ૬૦ કરોડની આસપાસ ખર્ચ કરવામાં આવ્યો. અને ત્યાં એક વર્ષમાં તો પાછા ઝાડી ઝાંખરા ઉગી ગયા આ અડધો રિવરફ્રન્ટ શહેરીજનોના કોઈ કામમાં આવ્યો નહીં તો આ અધૂરા રીવર ફ્રન્ટનો અર્થ શું ? ના પ્રજાને કોઈ લાભ કે ન સરકારને કોઈ લાભ!! જ્યાં સુધી રિવરફ્રન્ટ સંપૂર્ણ ન બને ત્યાં સુધી રીવર ફ્રન્ટ નો કોઈ અર્થ નથી. હાલ તો પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપની સરકાર છે તો પછી અધૂરા રીવરફ્રન્ટનું આગળ નું કામ કામ પૂર્ણ કરવામાં કોની રાહ જોવાય છે? અને અત્યાર સુધી વેડફાયેલા તે પૈસાનું શું? તેનું કોઈ ધ્યાન કેમ રાખવામાં આવતું નથી?

દાહોદમાં પાલિકા દ્વારા દર વર્ષે ત્રિ મોનસુનની કામગીરી માટે વરસાદની રાહ જોવાતી હોય તેમ લાગી રહ્યું છે. મોનસુનના ગણતરીના દિવસો પહેલા જ મોનસુનની કામગીરી શરૂ કરવામાં આવે છે અને કામ પૂરૂં થાય ન થાય ત્યાં તો વરસાદ આવી જાય છે અને બધુ કામ પાણીમાં ધોવાઈ જાય છે અને તે પાછળ વપરાયેલા નાણાના બારોબાર બિલો બની જાય છે અને તેના નાણાં પણ બારોબાર પગ કરી જાય છે. આ તમામ બાબતોનો દાહોદની જનતા પાલિકાના પૂર્વ શાસકો પાસે જવાબ માંગી રહી છે અને હાલ વરસાદના આગમનની છડી પોકારાઈ છતાં પ્રિમોનસુનની કામગીરી માટે પાલિકાના સત્તાધીશોમાં કોઈ સળવળાટ જોવા મળતો નથી. તે ખરેખર શું સૂચવે છે?

# દાહોદમાં ભારે પવન અને વાવાઝોડુ, સાઈન બોર્ડ પડતાં ૩નાં મોત થયાં

દાહોદ

દાહોદ જિલ્લામાં આવેલા ભારે પવન અને વાવાઝોડાએ ભારે તબાહી મચાવી હતી. ગરબાડા ચોકડી નજીક એક મહાકાય સાઈન બોર્ડ અચાનક પવનના જોરદાર ઝાપટામાં તૂટી પડતાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, જિલ્લામાં અચાનક હવામાન પલટો થતાં તેજ પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી. આ દરમિયાન ગરબાડા ચોકડી વિસ્તારમાં લગાવવામાં આવેલું વિશાળ સાઈન બોર્ડ પવનનો માર સહન કરી શક્યું ન હતું અને નીચે પસાર થઈ રહેલા લોકો પર ધરાશાયી થયું હતું. અકસ્માત એટલો ગંભીર હતો કે બે લોકોના જીવ ગયા હતા, જ્યારે ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

વાવાઝોડાના કારણે દાહોદના



અનેક વિસ્તારોમાં વૃક્ષો ઉખડી પડ્યા હતા તેમજ વીજ પુરવઠાને પણ અસર પહોંચી હતી. કેટલાક સ્થળોએ પતરાના શેડ અને અન્ય હંગામી માળખાં પણ તૂટી પડ્યા હતા. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક જગ્યાએ નુકસાનના અહેવાલો સામે આવ્યા છે.ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને જાહેર સ્થળોએ લગાવવામાં આવતા મોટા સાઈન બોર્ડ અને માળખાંની ગુણવત્તા તથા સલામતી અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. કેટલાક લોકોએ સ્માર્ટ સિટી હેઠળ કરવામાં આવેલી કામગીરી સામે પણ સવાલો ઉભા કર્યા છે.

ઘટનાની જાણ થતાં પોલીસ અને સ્થાનિક પ્રશાસનની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે, જ્યારે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. વાવાઝોડાથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

દાહોદ જિલ્લામાં સર્જાયેલી આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફેલાવી દીધું છે અને જાહેર સલામતીના મુદ્દે ફરી એકવાર ગંભીર ચર્ચા શરૂ કરી છે.

# લીમખેડામાં ટ્રાફિક જામની સમસ્યાથી જનતા ત્રાહિમામ

**સ્ટેટ હાઈવે ૬૨ પર આવેલા સાંકડા રેલવે ગરનાળામાં ટ્રાફિક જામથી વાહનચાલકો હેરાન. જવાબદારીમાંથી છટકતા વહીવટી તંત્ર સામે લોકોમાં રોષ.**

લીમખેડા,

મખેડામા રેલવેના સાંકડા ગરનાળા ના કારણે ટ્રાફિક જામના કારણે ગ્રામજનો તેમજ વાહન ચાલકો હેરાન-પરેશાન થઈ ચૂકયા છે, સ્થાનિક વહીવટી તંત્ર અને રેલવે વિભાગ એકબીજાને ખો આપીને પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યા છે. ત્યારે લીમખેડામાંથી પસાર થતો સ્ટેટ હાઈવે નંબર ૬૨ વાહનચાલકો માટે માથાના દુખાવા સમાન બન્યો છે. આ રોડ ઉપરથી રાજસ્થાન તરફ દરરોજ હજારો વાહનોની અવરજવર રહે છે. સ્ટેટ હાઈવે ઉપર આવેલું આ અત્યંત સાંકડું ગરનાળું વાહનચાલકો અને ગ્રામજનો માટે રોજિંદી આફત બની ગયું છે. મહત્વપૂર્ણ સ્ટેટ હાઈવે હોવા છતાં વહીવટી તંત્ર અને રેલવે વિભાગની એકબીજા સાથેની આ ખો-ખો ની રમતમાં સામાન્ય જનતા પીસાઈ રહી છે. આ સમસ્યાના કારણે હવે લીમખેડાના નાગરિકોમાં તંત્રની કામગીરી પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

લીમખેડા નગરના મુખ્ય બજારની મધ્યમાંથી પસાર થતા અને સ્ટેટ હાઈવે ૬૨ પર આવેલા બ્રિટિશ શાસનકાળ વખતના આ જૂના રેલવે ગરનાળાના કારણે આખું ટ્રાફિકના ચક્કાજામમાં હોમાઈ રહ્યું છે. આ ગરનાળું એટલું સાંકડું છે કે તેમાંથી એક સમયે માત્ર એક જ વાહન માંડ પસાર થઈ શકે છે. સ્થાનિક જનતા



અને વેપારીઓની વર્ષોથી માંગણી આ નાળાને પહોળું કરવાની હતી, પરંતુ તેના બદલે રેલવે અને વહીવટી તંત્ર દ્વારા ગરનાળાની બંને બાજુ લોખંડની ભારે બેરિકેટ એંગલો, હાઈટ ગેજ અને ખીલા રોપીને આ મુખ્ય રસ્તાને વધુ સાંકડો અને અકસ્માતજનક બનાવી દેવામાં આવ્યો છે.

આ રોડ પર લીમખેડાનું મુખ્ય બજાર હોવાથી અહીંથી હજારો ગ્રાહકો, રાહદારીઓ અને વાહનચાલકો પસાર થાય છે. ગરનાળું સાંકડું હોવાને કારણે અને તંત્રએ રસ્તા વચ્ચે સ્પીડ બ્રેકર તેમજ સાઈડમાં ખીલા રોપી અવરોધો ઉભા કરી દીધા હોવાથી બજારમાં કલાકો સુધી વાહનોની લાંબી લાઈનો લાગેલી રહે છે. ટ્રાફિક જામની આ રોજિંદી સમસ્યા હવે સ્થાનિક વેપારીઓ માટે મોટો માથાનો દુખાવો બની ગઈ છે. જામના લીધે ગ્રાહકો બજારમાં આવવાનું ટાળી રહ્યા છે, જેના કારણે વેપારીઓના ધંધા પર સીધી અસર પડી રહી છે. કલાકો સુધી વાહનો સ્થિર ઉભા રહેતા હોવાથી આસપાસના વિસ્તારમાં વાયુ અને ધ્વનિ પ્રદૂષણનું પ્રમાણ પણ વધ્યું છે.

ટ્રાફિક જામની આ સમસ્યા માત્ર વેપારીઓ સુધી સીમિત નથી, પરંતુ ઈમરજન્સી સેવાઓ માટે પણ ગંભીર બની ગઈ છે. લીમખેડા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના કોઈ દર્દીને ઈમરજન્સીમાં સરકારી હોસ્પિટલ કે અન્યત્ર લઈ જવાનું હોય, ત્યારે દર્દીઓથી ભરેલી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આ બજારની વચ્ચે જામમાં ફસાઈ જાય છે. ઘણીવાર તો એમ્બ્યુલન્સના સાયરન છતાં વાહનોની લાંબી કતારોને લીધે રસ્તો મળતો નથી, જેના કારણે દર્દીઓને સમયસર સારવાર મળતી નથી. અનેક કિસ્સાઓમાં એમ્બ્યુલન્સ ટ્રાફિકમાં અટવાઈ જવાને કારણે દર્દીઓની સ્થિતિ વધુ ગંભીર બની હોવાના પણ બનાવો બન્યા છે.

આટલી ગંભીર સમસ્યા હોવા છતાં, પોલીસ વિભાગની પણ ઘોર બેદરકારી સામે આવી છે. ટ્રાફિક નિયમન માટે લીમખેડા બજારમાં ટ્રાફિક પોલીસના કર્મચારીઓ કે ટીઆરબી જવાનો પૂરતા પ્રમાણમાં મૂકવામાં આવ્યા નથી. જ્યારે ટ્રાફિક જામ થાય છે ત્યારે તેને દૂર કરવા માટે કે વાહનોની અવરજવર વ્યવસ્થિત કરવા માટે કોઈ જ પોલીસ જવાન હાજર રહેતા નથી. આ પરિસ્થિતિમાં વાહનચાલકો પોતપોતાની રીતે વાહનો દોડાવવાનો પ્રયત્ન કરે છે, જેના કારણે ટ્રાફિક જામ વધુ વણસે છે. એક તરફ રસ્તા સાંકડા છે અને બીજી તરફ પોલીસ બંદોબસ્તના અભાવે અંધાધૂંધી સર્જાય છે.

લીમખેડા બજારમાં દબાણોની પણ ભરમાર છે. રોડને અડીને કરેલા દબાણો પણ ટ્રાફિક માટે સીધા જવાબદાર છે. રોડ ઉપર હાથલારીઓ, અનિયંત્રિત પેસેન્જર વાહનો અને રોડને અડીને કરવામાં આવેલા ઓટલાઓ, પતરાના શેડ તેમજ પાકા મકાનોના બાંધકામના કારણે રસ્તો સાંકડો થઈ ગયો છે. વહીવટી તંત્ર, ગ્રામ પંચાયત અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા દબાણ દૂર કરવાની બાબતે દાખવવામાં આવેલી ઉદાસીનતાને કારણે આ ટ્રાફિક જામની સમસ્યા વધુ વકરી છે. જો તંત્ર કડક કાર્યવાહી કરે અને રસ્તા ખુલ્લા કરવામાં આવે, તો પણ ટ્રાફિકમાં આંશિક રાહત મળી શકે તેમ છે, પરંતુ તે દિશામાં પણ કોઈ નક્કર પગલાં લેવાતા નથી.સ્થાનિક વેપારીઓ અને વાહનચાલકોની ઉગ્ર માંગ છે કે, તંત્ર આ રસ્તાને ખીલા અને એંગલો મારીને વધુ સાંકડો કરવાનું બંધ કરે અને સત્વરે આ અંગ્રેજોના જમાનાના નાળાને તોડીને નવો પહોળો અંડરપાસ બનાવે. આ રેલવે ગરનાળું પહોળું કરવા માટે અગાઉ ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું, પરંતુ આજ દિન સુધી કામગીરી શૂન્ય છે. તંત્ર માત્ર વાયદાઓ કરીને જનતાને છેતરી રહ્યું છે. વહીવટી તંત્ર અને રેલવે વિભાગ એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે, પરંતુ પરિણામ તો શૂન્ય જ છે. જો હવે તંત્ર દ્વારા સત્વરે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે, તો સ્થાનિક નાગરિકો ઉગ્ર આંદોલન કરવા માટે મજબૂર બનશે.

# ઝાલોદ APMC ખાતે કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખાતર-બિયારણ કીટ વિતરણ અને જનસુવિધાના કાર્યોનું લોકાર્પણ કરાયું

ઝાલોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ એ.પી.એમ.સી. ખાતે ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક (ટી-સે ગ) સંચાલિત કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય કક્ષાના મંત્રી રમેશભાઈ કટારા અને સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઝાલોદ તાલુકાના આદિજાતિ ખેડૂતોને ખેતીમાં સહાયરૂપ થવા માટે ખાતર અને બિયારણની કીટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ ખેડૂતોને આર્થિક રીતે મજબૂત કરવા માટે અન્ય સરકારી યોજનાઓના મંજૂરી પત્રો પણ



મહાનુભાવોના હસ્તે એનાયત કરાયા હતા. ખેડૂતો કલ્યાણની સાથે મહિલા સશક્તિકરણને વેગ આપતા આ કાર્યક્રમમાં સ્થાનિક સખી મંડળોને આત્મનિર્ભર બનાવવા માટે કેશ ક્રેડિટ ચેકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તદુપરાંત, ઝાલોદ ઈંડ્રસ ખાતે આવતા ખેડૂતો, વેપારીઓ અને મુલાકાતીઓની સુવિધા અર્થે મંત્રી રમેશભાઈ કટારા અને ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાના હસ્તે પીવાના પાણીની નવીન સુવિધા ખુલ્લી મુકવામાં આવી હતી.

આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામીણ વિસ્તારોમાંથી આવેલા આદિજાતિ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જીલ્લાના ફતેપુરા નગરમાં આવેલા સરકારી તળાવની કરોડો રૂપિયાની કિંમતી જમીન પર ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર દબાણ!?

દાહોદ,

ફતેપુરાના જાગૃત ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારીને પુરાવા સાથે લેખિત અરજી સુપ્રત કરી તળાવની જમીન તાત્કાલિક મુક્ત કરાવવા માંગ કરવામાં આવેલા આક્ષેપો મુજબ, વર્ષ ૨૦૦૨માં આ સરકારી તળાવ આશરે ૫.૩૦ એકર જેટલા મોટા વિસ્તારમાં ફેલાયેલું હતું. જોકે, સમય જતાં ભૂમાફિયાઓની ઘૂસણખોરી અને દબાણોના કારણે આજે આ વિશાળ તળાવ સંકોચાઈને માંડ ૨.૫૦ એકર જેટલું પણ રહ્યું છે. તળાવની પાળ તોડીને સરકારી જમીન પચાવી પાડવાનું આ કારસ્તાન લાંબા સમયથી ચાલી રહ્યું છે. ગુજરાત સરકારના પરિપત્ર અનુસાર તળાવની પાળથી ૩૦ મીટરનો વિસ્તાર છોડીને જ કોઈપણ પ્રકારનું બાંધકામ કરી શકાય છે. તેમ છતાં આ નિયમોનો ભંગ કરી તળાવની હદમાં ઔદ્યોગિક અને વ્યાપારી પ્રકારનું ગેરકાયદેસર દબાણ ઊભું કરી દેવાયું છે. આ ઉપરાંત, લીલાવા તળાવની સિંચાઈની કેનાલ જે આ તળાવ પર આવતી હતી તેને પણ દબાવી દઈને ત્યાં ગેરકાયદેસર પ્લોટિંગની



કામગીરી કરવામાં આવી છે. અગાઉ જ્યારે ભૂમાફિયાઓ દ્વારા દબાણ કરવામાં આવી રહ્યું હતું ત્યારે ફતેપુરા પંચાયત દ્વારા નોટિસ આપીને કામગીરી બંધ કરાવવામાં આવી હતી. તેમ છતાં આ તત્વોએ પંચાયતની પરવાનગી લીધા વગર જ રાતોરાત પાકી કામગીરી શરૂ કરી દીધી હતી. આ અંગેના કાયદેસરના ફોટો-વીડિયો પુરાવા પણ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. ભૂતકાળમાં જ્યારે આ તળાવનું ફેન્સિંગ કામ કરવામાં આવ્યું હતું, તે સમયે સિંચાઈ વિભાગ દ્વારા આજુબાજુના તમામ સર્વે નંબર ધરાવતા જમીન માલિકોને વળતર ચૂકવી દેવાયું હતું. જેની ફાઈલ સરકારી દફતરે મોજૂદ છે. અરજદારે તાલુકા વિકાસ અધિકારીને વિનંતી કરી છે કે, તળાવના રેવન્યુ સર્વે નંબર ૩૫૫ ની આજુબાજુ લાગતા વળગત તમામ સર્વે નંબરોની તટસ્થ માઈક્રો માપણી કરાવવામાં આવે જેથી સરકારની માલિકીની મોટી જમીન ખુલ્લી થઈ શકે .સરકારી ખાનગી જમીન ઉપર દબાણ કરતાં તત્વોને ફતેપુરા અને સુખસર તાલુકામાં સરકારી વહીવટી તંત્રો દ્વારા છાવરવામાં કયા સંબંધથી છાવરવામાં આવે છે તે એક મોટો સવાલ છે!

# આખા દિવસ દરમિયાનના અસહ્ય બફારા બાદ રાતે દાહોદ શહેર સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વાવાઝોડાનો કહેર

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લાના અનેક વિસ્તારોમાં દિવસ દરમિયાનના અસહ્ય બફારા બાદ રાત્રિના સમયે ફૂંકાયેલ વાવાઝોડા એક કલાકે મચાવેલ તોફાન મા વર્તમાન તબાહી મચાવી દીધી હતી દાહોદમાં તોતીગ સ્માર્ટ સિટી બોર્ડ તૂટી પડતા એક યુવકનું મોત તથા બે ગંભીર રીતે ઘાયલ થયા હતા જ્યારે વૃક્ષો તથા વીજ થાંભલાઓ તૂટી પડવાથી સારવાર અર્થે હોસ્પિટલ મા ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મૃત્યુ થયું આ બનાવ બાદ કુલ ત્રણ મોત થયા ના સમાચાર છે. વાવાઝોડાને પગલે ઠેર ઠેકાણે ઠઠ્ઠી વસી રહેતા સ્થાનિકો હેરાન પરેશાન થઈ ગયા હતા.

એક દિવસ અગાઉ રાત્રિના વરસાદ પડતા બીજા દિવસે ગરમીનો પારો દિવસ દરમિયાન અસહ્ય બફારા રહેતા લોકોને ત્રાહીમામ પોકારી ઊઠ્યા હતા. દિવસ દરમિયાન અસહ્ય બફારા બાદ રાત્રિના સમયે દાહોદ શહેરને વાવાઝોડાએ એકાએક ધમરોળી નાખ્યો અને ભારે પવન સાથે વાવાઝોડું ફૂંકાયું હતું. વાવાઝોડાની અસર એટલી તીવ્ર હતી કે દાહોદના ગરબાડા રોડ પર આવેલ સ્માર્ટ સિટી અંતર્ગત લગાવવામાં આવેલ તોતિંગ સાઈન બોર્ડ અકસ્માતે પડી જતાં ત્યાંથી પસાર થતા બે યુવકો કચડાયા ગયા હતા. આ બંનેમાં એકનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. જ્યારે બીજા યુવકને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમિયાન મોત નીપજયું હતું. જ્યારે અન્ય એક ઘાયલને દાહોદ સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.



**જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૯૯૨/૨૦૨૬ તા.૦૨/૦૬/૨૦૨૬
અરજદારઃ બિલવાળ મનેશભાઈ લીંબાભાઈ રહે. જાલત, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, જાલત, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બિલવાળ મનેશભાઈ લીંબાભાઈના પુત્રી નામે બિલવાળ જનતબેન મનેશભાઈનો જન્મ તા.૦૪/૦૧/૨૦૨૧ના રોજ જાલત, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી જાલત, તા.જિ.દાહોદ ના જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારનો પુત્રીનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી જાલત, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૨ માંહે : જુન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૫૭૩/૨૦૨૫ તા.૦૨/૦૬/૨૦૨૬
અરજદારઃ અમલીયાર તેરસિંગભાઈ માનસિંગભાઈ રહે. ખંગેલા, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ખંગેલા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી અમલીયાર તેરસિંગભાઈ માનસિંગભાઈના પુત્ર નામે અમલીયાર અશ્વિનભાઈ તેરસિંગભાઈનો જન્મ તા.૦૫/૦૬/૨૦૧૬ના રોજ ખંગેલા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને જન્મ થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી ખંગેલા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારનો પુત્રનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી ખંગેલા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૨ માંહે : જુન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૩૩૯/૨૦૨૬ તા.૦૨/૦૬/૨૦૨૬
અરજદારઃ નિનામા રાજુભાઈ મોતીભાઈ રહે. ઉસરવાણ, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃતલાટી કમ મંત્રીશ્રી, ઉસરવાણ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી નિનામા રાજુભાઈ મોતીભાઈનો જન્મ તા.૦૬/૦૫/૨૦૧૫ના રોજ ઉસરવાણ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી ઉસરવાણ, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી ઉસરવાણ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૨ માંહે : જુન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૪૦૦/૨૦૨૬ તા.૦૧/૦૬/૨૦૨૬
અરજદારઃ રાવત પ્રવિણભાઈ લખીયાભાઈ રહે. મોટીખરજ, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી રાવત પ્રવિણભાઈ લખીયાભાઈના પુત્રી નામે રાવત આરોહીબેન પ્રવિણભાઈનો જન્મ તા.૨૫/૦૩/૨૦૧૯ના રોજ મોટીખરજ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી મોટીખરજ, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીનો જન્મ ના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી મોટીખરજ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૧ માંહે : જુન-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

-સહી-
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.240

પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલમાં RBSK હેઠળ ૪.૧૫ લાખથી વધુ બાળકોનું હેલ્થ સ્ક્રીનિંગ

## ૪૨૬ બાળકોને જન્મજાત હૃદયરોગની બીમારી, ૭૦૭૫૦ બાળકોમાં જન્મજાત ખામીઓ ; ૪૦૫૮૦ બાળકોને ગંભીર તકલીફો

પંચમહાલ

પંચમહાલ જિલ્લામાં શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) હેઠળ ૪.૧૫ લાખથી વધુ બાળકોનું હેલ્થ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. આ સ્ક્રીનિંગ દરમિયાન ૪૨૬ બાળકોમાં જન્મજાત હૃદયરોગ હોવાનું નિદાન થયું છે, જે ચિંતાજનક આંકડો દર્શાવે છે.



જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૪,૮૪,૧૦૯ બાળકોની નોંધણી કરવામાં આવી હતી. તેમાંથી આરોગ્ય ટીમો દ્વારા ૪,૧૫,૮૨૨ બાળકોનું પ્રત્યક્ષ સ્વાસ્થ્ય પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.

આ સઘન તપાસમાં જિલ્લાના ૭૦,૭૫૦ બાળકોમાં '4D' એટલે કે જન્મજાત ખામીઓ, ઉણપ રોગો અને વિકાસમાં વિલંબ જેવા લક્ષણો જોવા મળ્યા હતા. આમાંથી ૪૦,૫૮૦ ગંભીર તકલીફો ધરાવતા બાળકોને સમયસર સારવાર મળી રહે તે માટે જિલ્લા કક્ષાની હોસ્પિટલો અને ઉચ્ચ સ્તરના તબીબી કેન્દ્રોમાં રીફર કરવામાં આવ્યા છે.

જિલ્લા આરોગ્ય તંત્રના અહેવાલ મુજબ, જન્મજાત ખામીઓ અને જટિલ રોગોમાં સૌથી વધુ ૪૨૬ બાળકો જન્મજાત હૃદયરોગથી પીડિત હોવાનું સામે આવ્યું છે. અન્ય ગંભીર જન્મજાત ખામીઓમાં ૬૧ બાળકો ક્લબફૂટ, ૫૯ બાળકો ક્લેફ્ટ લીપ અને પેલેટ, ૨૫ બાળકો જન્મજાત બધિરતા, ૨૫ બાળકો ડાઉન સિન્ડ્રોમ, ૧૦ બાળકો જન્મજાત મોતિયો અને ૮ બાળકો ન્યુરલ ટ્યુબ ડિફેક્ટ સાથે મળી આવ્યા છે.

માઈક્રોસેફાલીના ૫ અને મેક્રોસેફાલીના ૯ કેસ નોંધાયા છે, જ્યારે રેટિનોપેથી ઓફ પ્રીમેચ્યોરિટીના ૭ કિસ્સાઓ પણ સામે આવ્યા છે.સામાન્ય અને મોસમી રોગોની શ્રેણીમાં ત્વચા અને દાંતના રોગોનું પ્રમાણ બાળકોમાં સૌથી વધુ જોવા મળ્યું છે.

આરોગ્ય તપાસ દરમિયાન ૧૬,૯૩૦ બાળકો ત્વચાના વિવિધ રોગોથી અને ૧૫,૧૮૪ બાળકો દાંતની તકલીફોથી પીડાતા હોવાનું જણાયું છે. આ ઉપરાંત, શ્વાસનળીના રોગોના ૧૨,૮૬૪ કેસ, ઓટાઈટીસ મીડિયા (કાનના ચેપ)ના ૩,૫૮૭ કેસ અને કરમિયાના ચેપના ૨,૭૯૧ કેસ પણ નોંધાયા છે.બાળકોમાં જોવા મળતા અન્ય ગંભીર રોગોમાં ૨૨૭ બાળકોમાં સિકલ સેલ એનિમિયાના લક્ષણો, ૮૨ બાળકોમાં બાળ ડાયાબિટીસ, ૬૩ બાળકોમાં કિડનીના રોગો અને ૧૧ બાળકોમાં આંચકી આવવાના રોગોનું નિદાન કરવામાં આવ્યું છે.

# શહેરા તાલુકાના બાહી અને ખાંટના મુવાડા ગામની સીમમાં આવેલા ખેતરમાં અચાનક દીપડો જોવા મળતા આ વિસ્તારના ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે ફફડાટ જોવા મળ્યો

શહેરા,

શહેરા તાલુકાના બાહી ગામના એક ખેડૂત જ્યારે રોજિંદા કામ અર્થે પોતાના ખેતરમાં ખાતર નાખવા માટે ગયા હતા, ત્યારે ત્યાંનું દ્રશ્ય જોઈને તેમના હોશ ઉડી ગયા હતા. ખેતરમાં એક હિંસક દીપડો આરામથી બેઠેલો નજરે પડ્યો હતો. એવું જાણવા મળ્યું હતું કે, દીપડો દિવસ અને રાત્રિ દરમિયાન ખેતરોમાં આંટાફેરા કરે છે. જેથી ખેતરોમાં દીપડો આંટાફેરા કરતો હોવાની વાત વાયુવેગે આખા ગામમાં પ્રસરી ગઈ હતી. જેને પગલે સીમ વિસ્તારમાં જતા લોકોના જીવ તાળવે ચોંટ્યા છે. બાહી ગામના ખેડૂતોએ વન વિભાગને આ અંગે જાણ કરીને વિસ્તારમાં તાત્કાલિક પાંજરૂ



ગોઠવવામાં આવે અને આ દીપડાને પાંજરે પૂરીને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવે તેવી માંગ કરી છે તો બીજી તરફ બાહી અને ખાંટના મુવાડાના ખેતરમાં દીપડો આંટાફેરા મારતો હોવાની જાણ ખેતર માલિક દ્વારા વન વિભાગને કરવામાં આવી હતી. જેને લઈને વનવિભાગની ટીમે સ્થળ ઉપર પહોંચી સાવચેતીના ભાગરૂપે ગામલોકોને રાત્રિ દરમિયાન ખેતરમાં કામ વગર ન જવા અને બાજુમાં જ જંગલ આવેલું હોવાના કારણે જંગલ નજીક પણ ન જવાની સૂચનાઓ આપવામાં આવી હતી.

# કાલોલ તાલુકાના ડેરોલગામમાં વર્ષોથી ચાલતા ગ્રામ પંચાયતના કૌભાંડોસામે તપાસ કરશે કોણ ?

કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલગ્રામ પંચાયતછેલ્લા ૧૫ વર્ષથી ગ્રામ પંચાયતના સરપંચ ડેપ્યુટી સરપંચ અને તાલુકા સદસ્યો દ્વારા ગૌચર, સરકારી તેમજ ગામતળની જમીનને હડપ કરવામાં અને ગેરકાયદેસર દબાણો કરાવવામાં રીઢા થઈ સરકારી મિલકતને નુકસાન પહોંચાડવા અને ગ્રામના નિર્દોષ પ્રજાને અવળા માર્ગે દોરી જવાના પ્રયત્નો અને કાયદાની ગૂંચવણમાં મૂકી પોતાનું પેટીયું રડવામાં રીઢા બની ગયા છે. કેટલાક હોદેદારો સરકારી કામોમાં કટકી કરવા નિર્દોષ લોકોને ભોગ બનાવવામાં માહિતગાર બનેલા લોકો વ્યશનની લેતે લાગી જશન મનાવતા દ્રશ્યો સામે આવ્યા છે. હાલ ડેરોલગામના ભૂપેન્દ્રભાઈ ઉર્ફે ( ટીનો રફિક ) મનહરભાઈ પટેલ દ્વારા ડેરોલગામના નવયુવાનોને દારૂની લતે ચડાવી ગણા સમયથી પોતાના કબજાની ખુલ્લી જમીન પર બીયરટીન અને કાચના બોટલ અને પ્લાસ્ટિકની નવી બ્રાંડના વિદેશી દારૂનું છુટું વેચાણ કરી ગુપ્ત રીતે જુગાર દારૂનો ધંધો ધમધમતો રાખવા છતાં પોલીસ કાયેવાહી કેમ નહીં ? પોલીસ આવા બૂટલેગરોને પ્રોત્સાહન આપી રહી છે ? કે પછી ગ્રામ પંચાયતની સત્તા પર બેસી ગયેલા આવા સભ્યો સામે કાનૂનના હાથ પહોંચી શકતાં નથી ? અગાઉ સરપંચ અને ડેપ્યુટી સરપંચ તેમજ પોતાની પત્નીને પણ પંચાયત સદસ્ય બનાવી પંચાયતની બે બેઠકો પર મેળવી પોતાનું દૂષણ જાળવવામાં માહિત ગાર બની લોકોના ભવિષ્યને વેવિખેર કરવામાં સફળતા પ્રાપ્ત કર્યાનો ગૌરવ મેળવ્યાનો તાજ લઈ ફરતા હોય છે.કાલોલ તાલુકા પંચાયતોની સીટ પરના સદસ્યોને પોતાના વશમાં કરી દારૂ અને સરકારી કામોમાં કટકી કરવા અને તેમણે સાથે રાખી દારૂના વ્યવહાર સાથે જોડી ગામની ભોળી પ્રજાને કાયદાના સકંજામાં ફસાવી કમાણી કરવામાં નિપુણ બની ગયા ?

કાલોલ તાલુકાના ડેરોલગામમાં ગેરકાયદેસર મંડળીઓ ઉભી કરી કેટલાક દારૂના નશા ખોર સત્તાધારીઓ ગેકયદેસર પગલાં ભરી તેમની જ ટોળકીના ફરિયાદીઓ ઊભા કરી સરકારી જમીન પરના દબાણો દૂર કરવા મુખ્ય મંત્રીની રજુઆત કરેલ લેખિત રજુઆત અરજદારને ખોટી ધાક ઊભી કરવા તેમજ ભાજપના ઉમેદવાર તરીકે ડેરોલગામના તાલુકા પંચાયત સદસ્ય સુરેશકુમાર લાલસિંહભાઈ ખડીયા પણ એક બુટલેગર સાથે સત્તાનો દુર ઉપયોગ કરી રહ્યાં છે ? પંચમહાલ ભારતીય જનતા પાર્ટી બે ખોફ તાલુકા પંચાયત સદસ્ય ની ન્યાયિક તપાસ હાથ ધરી તેમની પાસે એક્શન લેશે કે કેમ ? તે પણ જોવું રહ્યું. ડેરોલ ગ્રામ પંચાયતમાં એક તરફી સાસણનો વહીવટી કરી ગણ્યા ગાંઠ્યા પરિવારને શાસનમાં લઈ સરકારી કામોમાં વિક્ષેપ ઊભા કરી સરકારના નાણાનો દુર ઉપયોગ કરવાના બદલે તેમાંથી કટકી કરી દારૂની મહેફિલો માણી યુવાધનને ગેરમાર્ગે દોરવાનું કાર્ય થતું હોવાનું એક દ્રશ્ય બહાર આવી રહ્યું છે. ડેરોલગામમાં કાણેટીયા રોડ નજીકમાં મહેફિલો માણી ખાલી બોટલો કાતો દારૂનું વેચાણ થતો અડો ? કે પછી ગેરકાયદેસર ભંગારના વેપાર સાથે સંકળાયેલા છે ? તેણી ચોકસ તપાસ પંચમહાલ જીલ્લા પોલીસ અને સ્થાનિક પોલીસ દ્વારા થવી જરૂરી બની છે. ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી પોતાના બોલેલા વચનો પાડી તેમની સામે યોગ્ય પગલાં લેવા કાયદેસર કાર્યવાહી કરશે કે કેમ તે પણ હવે જોવું રહ્યું ! ડેરોલગામના હિમાંશુભાઈ હસમુખભાઈ પરમાર ના કાકા જીલ્લા પંચાયત સદસ્ય તેમજ અગાઉ તેમના જ પરિવારના સભ્યો વર્ષોથી ગ્રામ પંચાયતના સરપંચ ડેપ્યુટી સરપંચ અને તાલુકા હોદાઓ સહિતનો રાજકીય પક્ષો સાથે ભોગવતો કરી ગ્રામ પંચાયતમાં સરકારની ગ્રાન્ટ અને ગ્રામપંચાયત મિલકતના દબાણો અને ગ્રામ પંચાયતની ગ્રાંટની પાણી સહિતની ગ્રાન્ટનો પોતાના જ સર્વે નંબરમાં ઉપયોગ કરી અને ગ્રામ પંચાયત વિસ્તારમાં કરવામાં આવેલ બોર મોટર સામે કેટલી ફરિયાદ આજ દિન સુધી નોંધાય છે, તેની તાલુકા વિકાસ અધિકારી અને જીલ્લા વિકાસ અધિકારી યોગ્ય પગલાં લેવા અને સમગ્ર તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવા અરજદારની માંગ છે

# દહીકોટ ગામે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ૫ દિવસીય સ્વચ્છતા અભિયાનનો પ્રારંભઃ જનજાગૃતિ બેઠક યોજાઈ

ગોધરા,

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના દહીકોટ ગામમાં તારીખ ૧ જૂન ૨૦૨૬થી ૫ જૂન ૨૦૨૬ સુધી વિશેષ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ગામમાં જનજાગૃતિ લાવવાના હેતુથી એક ખાસ બેઠક (મીટિંગ) યોજવામાં આવી હતી.

આ બેઠકમાં ઉપસ્થિત ગ્રામજનોને રોજિંદા જીવનમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ખાસ કરીને ઘરના કચરાના નિકાલ માટે 'સૂકો કચરો' અને 'ભીનો કચરો' અલગ-અલગ રાખવા અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. જેથી કચરાનું યોગ્ય વ્યવસ્થાપન થઈ શકે. બેઠક બાદ જનજાગૃતિના ભાગરૂપે ગ્રામજનો દ્વારા ગામની આંગણવાડી તેમજ જાહેર સ્થળોની આસપાસ ઉત્સાહભેર સાફ-સફાઈ કરવામાં આવી હતી.

આ પ્રશંસનીય કાર્યક્રમમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગતના કલસ્ટર કોર્ડીનેટર, તેમજ દહીકોટ ગ્રામ પંચાયતના સરપંચ કાશીબેન પટેલ, તાલુકા પંચાયત સભ્ય મગનભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. અને ગામને સ્વચ્છ રાખવાના શપથ લીધા હતા.

# ગોધરામાં મુખ્ય પાણીની લાઈનમાં ભંગાણઃયુદ્ધના ધોરણે સમારકામ શરૂ, સવાર સુધી પાણી મળશે

ગોધરા,

ગોધરા શહેરમાં નગરપાલિકાની મુખ્ય પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા પાણી પુરવઠામાં વિક્ષેપ પડ્યો છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સમારકામ શરૂ કરવામાં આવ્યું છે.

આ સમારકામની કામગીરી મોડી રાત સુધી ચાલવાની સંભાવના છે. જેના પરિણામે, શહેરમાં આવતીકાલ સવાર સુધીમાં પાણી પુરવઠો પુનઃસ્થાપિત થવાની શક્યતા છે. પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ગોધરા નગરપાલિકાના પ્રમુખ જશોદાબેન પ્રજાપતિ અને ઉપપ્રમુખ ઈશાંત સોની સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પ્રતિનિધિઓએ સ્થળની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત ધારાસભ્ય સી.કે. રાઉલજીના પુત્ર અને અડખઈ ચેરમેન માલવદીપસિંહ રાઉલજીએ પણ ઘટનાસ્થળે પહોંચી સમારકામ કામગીરીની સમીક્ષા કરી હતી.

# જીલ્લા પંચાયતના દંડક જયશ્રીબેન અરવિંદસિંહ પરમાર તથા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પરસોતમભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું



ગોધરા,

આજરોજ ઓરવાડા ગ્રામ પંચાયત ખાતે ઓરવાડા જીલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્ય જયશ્રીબેન અરવિંદસિંહ પરમાર અને તાલુકા પંચાયતના સભ્ય પરસોત્તમભાઈ પટેલ કે, જેઓને તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બનાવ્યા અને જયશ્રીબેન અરવિંદસિંહ પરમારને જીલ્લા પંચાયતમાં દંડક તરીકે જવાબદારી પક્ષે આપી અને ગ્રામ પંચાયત ઓરવાડા ખાતે તેઓનું સન્માન સમારંભ રાખવામાં આવેલ હતો. તેમાં ગ્રામ પંચાયતના સરપંચ પીન્ટુભાઈ તલાટી કમ મંત્રી તમામ ચૂંટાયેલા સભ્યઓ ઉપસ્થિત રહી અને આ બંને મહાનુભવોને ફુલ અને સાલ ઉડાડી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર પછી જીલ્લા પંચાયતના સભ્ય જયશ્રીબેન અરવિંદસિંહ પરમારએ નજીકમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પણ મુલાકાત લઈ અને યોગ્ય માર્ગદર્શન આપ્યું અને ટૂંક સમયની અંદર નવું મકાન બને એ માટેના તમામ પ્રયત્નો કરવાની ખાતરી પણ આપવામાં આવી.

# એસઓજી પોલીસ દ્વારા વેજલપુર હોટલ ગ્રાન્ડ એકતામાં મુસાફરોની વિગત સરકારી પોર્ટલ ઉપર અપડેટ ન કરતા હોટલ સંચાલક સામે જાહેરનામા ભંગની કાર્યવાહી

કાલોલ,

કાલોલ વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી એક હોટલમાં મુસાફરોની ઓનલાઈન એન્ટ્રી ન કરવા બદલ હોટલ સંચાલક/આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જી.પી. એક્ટની કલમ ૧૩૧ મુજબ જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

એસઓજી પોલીસ સ્ટાફ વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમા હતો. ત્યારે કાલોલ તાલુકાના ચલાલી ચોકડી પાસે આવેલી 'હોટલ ગ્રાન્ડ એકતા' માં ચેકિંગ દરમિયાન એક મોટી બેદરકારી સામે આવી હતી.આરોપી મોહંમદ આફ્રીદીએ હોટલ ગ્રાન્ડ એકતાના રીસેપ્શન કાઉન્ટર પર રાખવામાં આવેલા કોમ્પ્યુટરમાં ઉતારૂઓના રજીસ્ટર મુજબની એન્ટ્રીઓ (નંબર ૩૫૭૦,૩૫૭૨,૩૫૮૨) સરકાર તરફથી જાહેર કરેલ 'પથિક સોફ્ટવેર' (Pathik Software) માં ઓનલાઈન કરી ન હતી. પોલીસે મોહંમદ આફ્રીદી યાસીનભાઈ ખાટકી (રહે. હોટલ ગ્રાન્ડ એકતા, ચલાલી ચોકડી પાસે, વેજલપુર, તા. કાલોલ, જી. પંચમહાલ; મૂળ રહે. નુરાનીપુરા-લક્ષ્મીપુરા, તા.જી. પાટણ).આ મામલે એસઓજી પોલીસે જાહેરનામા ભંગ હેઠળ કાયદેસરનો ગુનો દાખલ કર્યો છે. સત્તાવાળાઓ દ્વારા હોટલ માલિકોને કડક સૂચના આપવામાં આવી છે કે, દરેક મુસાફરોની વિગતો ફરજીયાતપણે સરકારી પોર્ટલ પર અપડેટ કરવી અનિવાર્ય છે.

# કાલોલના ફતેપુરી ગામે વાવાઝોડા સાથે વરસાદી આફતઃ પતરાનું છાપરૂં પડતાં ૧૩ વર્ષની કિશોરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત, વડોદરા સિવિલમાં સારવાર હેઠળ

કાલોલ,

કાલોલ તાલુકામાં ગત રાત્રે અચાનક બદલાયેલા હવામાન અને તીવ્ર વાવાઝોડા સાથે આવેલા વરસાદે ભારે તારાજી સર્જી છે. કાલોલ તાલુકાની દેવચોટીયા ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ફતેપુરી ગામે વાવાઝોડાના કારણે એક મકાનનું પતરાનું છાપરૂં તૂટી પડતાં એક ૧૩ વર્ષની કિશોરીને અતિ ગંભીર ઈજાઓ પહોંચી હોવાની દુઃખદ ઘટના સામે આવી છે. દેવચોટીયા ગ્રામ પંચાયતના ફતેપુરી ગામે ગત તારીખ ૦૧/૦૬/૨૦૨૬ની રાત્રે ભારે વાવાઝોડું અને વરસાદ આવ્યો હતો. આ કુદરતી આફત દરમિયાન ગામના રહીશ જશીબેન ગણપતભાઈના મકાનને અડીને બનાવેલું પતરાનું ઢાળિયું/



છાપરૂં અચાનક તૂટી પડ્યું હતું. આ સમયે ત્યાં હાજર ફતેપુરીના જ રહીશ સુરેશભાઈના ૧૩ વર્ષીય પુત્રી રાઠોડ ભાવનાબેન સુરેશભાઈ આ ભારેખમ છાપરા નીચે દબાઈ ગયા હતા. ઘટનાને પગલે કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ અને અગ્રણીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા જ્યાં તેઓએ પરિસ્થિતિ ની જાણકારી મેળવી ઘટતા પગલાં માટે ખાતરી આપી હતી.આ અકસ્માતમાં કિશોરી ભાવનાબેનને શરીરે અતિ ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેમને તાત્કાલિક વધુ સારવાર અર્થે વડોદરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.આ ઘટના અંગે દેવચોટીયાના તલાટી કમ મંત્રી દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરીને તારીખ ૦૨/૦૬/૨૦૨૬ના રોજ કાલોલના તાલુકા વિકાસ અધિકારીને લેખિત રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને દ્યાને રાખીને, કાલોલના તાલુકા વિકાસ અધિકારીએ આ મામલે પંચમહાલ-ગોધરાના જીલ્લા વિકાસ અધિકારીને 'જાનમાલના નુકસાન અંગે' સત્તાવાર અહેવાલ મોકલીને સમગ્ર પરિસ્થિતિથી અવગત કર્યા છે. આ રિપોર્ટની નકલ જીલ્લા કલેક્ટર (ડિઝાસ્ટર શાખા) અને કાલોલ મામલતદારને પણ જાણ સારૂં રવાના કરવામાં આવી છે.

# શહેરા તાલુકામાં ગતરાત્રીએ વાવાઝોડાને લઈ અનેક ઘરની છત અને પતરા ઉડતા પરિવારો પરેશાન

શહેરા,

શહેરા તાલુકામાં સોમવારની રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવતા પવન સાથે વરસાદ પડ્યો હતો. મિની વાવાઝોડાના કારણે બોરીયાવી, લીંબોદ્રા, ગાંગડીયા અને મંગલપુર સહિતના આજુબાજુના ગામોમાં કુદરતી આફતને કારણે અનેક ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના આશરા છીનવાઈ ગયા હતા.અને કાચા-પાકા મકાનોના છત પર લગાવેલા સિમેન્ટના પતરા હવામાં ફંગોળાયા હતા.શહેરા તાલુકામાં સોમવારે સમગ્ર દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટ અને ગરમી બાદ રાત્રે અચાનક આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું. ત્યારબાદ જોતજોતામાં વીજળીના કડાકા-ભડાકા અને તીવ્ર ગતિએ ફૂંકાયેલા પવન સાથે વરસાદ શરૂ થયો હતો. આ તોફાની પવને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે હાલાકી સર્જી હતી. રાત્રિના અંધકારમાં બોરીયાવી, લીંબોદ્રા, ગાંગડીયા અને મંગલપુર સહિતના અન્ય ગામમાં અમુક ઘરના પતરા ઉડવાનો અવાજ આવતા જ લોકો જીવ બચાવવા સુરક્ષિત સ્થળોએ દોડી ગયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. મંગળવારે સવારથી જ પ્રભાવિત ગામોના તલાટી કમ મંત્રીઓ દ્વારા જે-તે વિસ્તારોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. કુદરતી આપત્તિમાં ભોગ બનેલા પરિવારોના મકાનોની સ્થિતિ, ઉડી ગયેલા પતરા સહિત અન્ય નુકસાનનો ઝીણવટભર્યો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેની કામગીરી પૂર્ણ કરીને તમામ તલાટીઓ દ્વારા નુકસાનીનો વિગતવાર અહેવાલ તૈયાર કરી શહેરા તાલુકા પંચાયત ખાતે જમા કરાવવામાં આવ્યો હતો. સ્થાનિક ગ્રામજનો અને અસરગ્રસ્તોએ સરકાર સમક્ષ માગ કરી છેકે, ચોમાસું માથે છે. ત્યારે આ નુકસાનીનો અહેવાલ ઝડપથી મંજૂર કરી વહેલી તકેયોગ્ય સરકારી સહાય ચૂકવવામાં આવે, જેથી તેઓ પોતાના મકાનોનું સમારકામ કરાવીને ફરીથી સુરક્ષિત આશરો મેળવી શકે.

## જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૨૪૧/૨૦૨૫, તા.૧૨/૦૧/૨૦૨૬

અરજદાર- શ્રી સંગોડ રાજુભાઈ બળવંતભાઈ, રહે.પાવ તા.ધાનપુર, જી.દાહોદ

વિરૂધ્ધ

સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,પાવ, તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી સંગોડ રાજુભાઈ બળવંતભાઈ તેમના પુત્ર/પુત્રી નામે સંગોડ સુનીલભાઈ રાજુભાઈનુ જન્મ તા.૧૭/૦૧/૨૦૧૪ (૨)સંગોડ વિજયભાઈ રાજુભાઈ નુ જન્મ તા.૨૫/૦૬/૨૦૧૪(૩)સંગોડ ચંદ્રીકાબેન રાજુભાઈ નુ જન્મ તા.૧૭/૦૪/૨૦૧૮નારોજ મુ.પાવ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર/પુત્રીના જન્મ થયેલ ત્યારે નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.પાવ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્ર/પુત્રીના જન્મ ના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ-૧૨ માહે જાન્યુઆરી નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

# સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા ગુજરાત અમદાવાદ, વડોદરા, સુરત, ગોધરા, સુરત, સિલવાસા, લહેરીપુરા શહેર તથા પંચમહાલ જીલ્લામાં લોકોની સેવા માટે ઠંડા તથા મીઠા પાણીની છબીલ વિતરણ કરવામાં આવ્યું

ગોધરા,

પરમ પૂજ્ય સંત રાજીન્દર સિંહજી મહારાજ ની અપાર દયા મહેરથી સાવન કૃપાલ રૂહાની મિશનના વડોદરા, સુરત, સિલવાસા, અમદાવાદ તથા ગોધરા શાખા દ્વારા ઉનાળાના આ ધોમધખતા તાપમાં ૩૦ તથા ૩૧ મે ૨૦૨૩, ના રોજ, લોકોની સેવામાં ઠંડા તેમજ મીઠા પાણીની છબીલ વિતરણ કરવામાં આવી. તે ઉપરાંત મિશન તરફથી ગુજરાતના પંચમહાલ જીલ્લામાં પણ ૩૦,૩૧ મે ના રોજ ઠંડા અને મીઠા પાણીના સ્ટોલ લગાવવામાં આવ્યા. જેથી લોકો પાણી પી ને પોતાની તરફ છીપાવી શકે. દયાલ પુરૂષ સંત દર્શન સિંહજી મહારાજ ની પુણ્યતિથિ ન ઉપલક્ષમાં આ સેવા કરવામાં આવી.



આપણે બધા જાણીએ છીએ કે આપણા જીવનમાં પાણીનું ખૂબ જ મહત્વ છે અને ઉનાળાની ઋતુમાં તેની જરૂરિયાત ખૂબ જ વધી જાય છે. કારણ કે, તડકો અને ગરમી આપણા શરીરમાંથી એનર્જી છીનવી લે છે. જેના કારણે આપણે નબળાઈ અને થાક અનુભવીએ છીએ. આવી સ્થિતિમાં ફક્ત પાણી જ આપણા શરીરને જરૂરી ઊર્જા પ્રદાન કરે છે. તેથી જ કહેવામાં આવ્યું છે કે'' જળ એ જ જીવન છે''. પાણીની આ જ ઉપયોગ ને દ્યાનમાં રાખીને સાવન કૃપાલ રૂહાની મિશન દ્વારા ગુજરાતના પાંચ મોટા શહેરો, વડોદરામાં ગિરધર ગોપાલ કુટિયા, સુરતમાં ટાઉનહોલ પાસે, અમદાવાદમાં મણીનગર માં અને ગોધરામાં બસ સ્ટેશન, ચિતરા સિનેમા, ચબુતરા સોનીવાડ, ભુરાવાવ ચાર રસ્તા, ગીધવાની રોડ, ગાંધી પેટ્રોલ પંપ, કાકણપુર ચોકડી હાટની પાસે, ગલતેશ્વર મંદિર પાસે, છકડીયા ચોકડી અને મોરવા ચોકડી પાસે ઠંડા તેમજ મીઠા પાણીની છબીલ વિતરણ કરવામાં આવ્યું. ઉનાળાની આ કાળજાળ ગરમીમાં રાહત આપવા માટે ગુજરાત ની જગ્યા ઉપર લગાવવામાં આવેલા આ સ્ટોલની સૌએ પ્રશંસા કરી.

સંત રાજીન્દર સિંહજી મહારાજ ના સાનિધ્યમાં કાર્યરત સાવન કૃપાલાની મિશન માં માનવસેવા ના કલ્યાણ હેતુ અને કાર્ય કરવામાં આવે છે. જેમકે મિશન દ્વારા સમયાંતરે મફત મોતિયાના ઓપરેશન કેમ્પ અને મફત આરોગ્ય તપાસ સીબીર નું પણ આયોજન કરવામાં આવે છે. તથા શારીરિક રીતે અશકત ભાઈઓ અને બહેનોને સહાયક ઉપકરણોનું પણ વિતરણ કરવામાં આવે છે. આની સાથે સાથે ગરીબ તેમ જ નિરાધાર બાળકોને આત્મનિર્ભર બનાવવા માટે સંત રાજીન્દર સિંહજી વ્યવસાયિક તાલીમ કેન્દ્ર માં અનેક પ્રકારના અભ્યાસક્રમો મફતમાં કરાવવામાં આવે છે. અને વરિષ્ઠ નાગરિકો માટે સમય અંતરે અનેક પ્રકારના કાર્યક્રમો કરવામાં આવે છે. પુરા ભારતમાં ફેલાયેલા મિશનની ઘણી બધી શાખાઓમાં એલોપેથીક, હોમિયોપેથીક અને આયુર્વેદ દવાખાના પણ ખોલવામાં આવ્યા છે. જેમાં તમામ દર્દીઓને નિશુલ્ક સારવાર કરવામાં આવે છે.

આ ઉપરાંત પ્રાકૃતિક આપત્તિઓ જેવી કે તમિલનાડુમાં આવેલું સુનામી, ઉત્તરાખંડમાં આવેલ પ્રાકૃતિક આપત્તિ, જમ્મુ કાશ્મીર અને બિહારમાં આવેલા ભયંકર પૂર, અને નેપાળમાં આવેલા ભયંકર ભૂકંપ જેવી કુદરતી આપત્તિમાં મિશનના સેવાદાર દ્વારા પીડિત લોકોને દૈનિક જીવંતી સંબંધિત આવશ્યક વસ્તુની સાથે સાથે ગરમ કપડા જેવા કે ધાબળા, સ્વેટર અને ફોર્મ ના ગાદલા ઉપરાંત દવા વગેરેનું વિતરણ પણ કરવામાં આવ્યું. તેની સાથે સાથે મિશન દ્વારા પ્રધાનમંત્રી રાહત ફંડમાં મોટી સંખ્યામાં આર્થિક મદદ પણ કરવામાં આવે છે.

સંત રાજીન્દરસિંહજી મહારાજ વિશ્વભરમાં ઘણી વખત પ્રવાસ કરીને લાખો લોકોને ધ્યાનની પદ્ધતિ શીખવી રહ્યા છે. જેથી કરીને આપણે આપણા માનવ જીવનના ધ્યેય કે જે પોતાની જાતને ઓળખવી તથા પિતા પરમેશ્વર માં લીન થવું તેને આ જ જીવનમાં પૂરો કરી શકીએ છીએ. સાવન કૃપાલ રૂહાની મિશનના અદયક્ષ સંત રાજીન્દર સિંહજી મહારાજ દ્યાન અભ્યાસ દ્વારા સંપૂર્ણ વિશ્વમાં પ્રેમ, એકતા અને માનવ શાંતિનો સંદેશો પ્રસારિત કરી રહ્યા છે. જેના પરિણામે તેમને ઘણા શાંતિ પુરસ્કારો તેમજ સન્માન થી નવાજવામાં આવ્યા છે. તેમજ વિવિધ દેશો દ્વારા પાંચ ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી છે. સાવન કૃપાલ રૂહાની મિશનના સમગ્ર વિશ્વમાં ૩૨૦૦ થી વધુ કેન્દ્ર સ્થાપિત છે. અને મિશનનું સાહિત્ય વિશ્વની ૫૫ થી વધુ ભાષાઓમાં પ્રકાશિત થયું છે. તેનું મુખ્યાલય વિજયનગર દિલ્હીમાં સ્થિત છે. અને આંતરરાષ્ટ્રીય મુખ્યાલય નેપર વિલે યુએસએ માં આવેલું છે.